વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

**મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં**
**અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ**
**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન (ચૈત્ર સુદ પાંચમ-૧૩/૦૪/૨૪)**
**પર તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન**




જબ પ્રાણત્યાગ કા પ્રસંગ હૈ, ઉસકો મૃત્યુ કહતે હૈં, ઉસ વક્ત તો વેદના બહુત બઢતી હૈ. તીવ્ર વેદના બઢતે બઢતે પ્રાણત્યાગ હો જાતા હૈ. ઇતની બઢ જાતી હૈ. જ્ઞાની ઉસ વક્ત અધિક પુરુષાર્થસે સ્વરૂપ મેં સ્થિતિ કરને લગ જાતે હૈં. તીવ્ર પુરુષાર્થ ઉસકા હો જાતા હૈ. ઇસલિયે જ્ઞાની કે મૃત્યુ પ્રસંગ કો મૃત્યુ મહોત્સવ કહને મેં આતા હૈ. 'રત્નકરંડ શ્રાવકાચાર' મેં ક્યા કહા ? મૃત્યુ મહોત્સવ. યે મહોત્સવ હૈ. જ્ઞાની કે લિયે તો યહ (મહોત્સવ હૈ). જૈસે મહોત્સવ મેં આનંદ ઔર ખુશી બઢતી હૈ, વૈસે મૃત્યુ કે કાલ મેં જ્ઞાની કો આનંદ બઢ જાતા હૈ, શાંતિ બઢ જાતી હૈ. વેદના બઢતી હૈ તો દુઃખ બઢતા હૈ ઐસા નહીં હૈ. ઐસી બાત હૈ.


-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૬, વર્ષ–૨૬, એપ્રિલ–૨૦૨૪


**શ્રાવણ સુદ ૯, મંગળવાર, તા.૨૬–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૪થી૧૦૫ પ્રવચન–૪૪**





આત્મા જ પંચ પરમેષ્ઠી છે

**अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि।**

**सो उवज्झायउ सो जि मुणि, णिच्छइँ अप्पा जाणि।१०४।**

આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;

આચરજ, ઉવઝાય ને, સાધુ નિશ્ચય તે જ. ૧૦૪.

અન્વયાર્થ : (**णिच्छई**) નિશ્ચયનયથી (**अरहंतु वि अप्पा जाणि**) આત્મા જ અરિહંત છે એમ જાણો (**सो फुडु वियाणि**) તે જ આત્મા પ્રગટપણે સિદ્ધ છે. (**सो आयरिउ वियाणि**) તેને જ આચાર્ય જાણો (**सो उवज्झायउ**) તે જ ઉપાધ્યાય છે (**सो जि मुणि**) તે જ આત્મા સાધુ છે.

---

આ 'યોગસાર'શાસ્ત્ર છે, એની ૧૦૪મી ગાથા. 'આત્મા જ પંચ પરમેષ્ઠી છે.' લ્યો! આ આત્મા જ પંચ પરમેષ્ઠીના સ્વરૂપે જ છે, એ વાત કરે છે. જુઓ! એ 'કુંદકુંદાચાર્યદેવ'ની 'મોક્ષ પાહુડ'ની ૧૦૪ ગાથામાં પણ એ જ છે.

**अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि।**

**सो उवज्झायउ सो जि मुणि, णिच्छइँ अप्पा जाणि। १०४।**

'નિશ્ચયનયથી...' એટલે યથાર્થ દૃષ્ટિથી જોવો તો 'આત્મા જ અરિહંત છે એમ જાણો.' આત્મા પોતે અરહંત છે. અરહંતની પર્યાયકેવળજ્ઞાન, કેવળદર્શન આદિ જે પ્રગટ છે એ બધી પર્યાયો આત્માના અંતરમાં ધ્રુવપદમાં પડી છે, એ બધી શક્તિરૂપે પડી છે. 'ધ્રુવપદ

રામી રે, ...' સમજાણું કાંઈ? આત્માનું ધ્રુવ સ્વરૂપ (છે). એક સમયની દશા છે એ અલ્પ છે, વિપરીત છે, રાગાદિ. અલ્પ નામ જ્ઞાન, દર્શન ને વીર્યની અલ્પ અવસ્થા છે અને રાગ–દ્વેષની એ વિપરીત અવસ્થા છે. આ ચાર ઘાતિ, અઘાતિનું કાંઈ નહિ.

આત્મામાં વર્તમાન અવસ્થામાં દશામાં અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન, અલ્પ વીર્ય (અને) રાગ–દ્વેષ પરિણામ (છે). એ તો એક ક્ષણિક દશા છે. એના કાયમી અસલ સ્વભાવમાં તો જે અરિહંત અનંત ચતુષ્ટ્ય પ્રગટ થવાના છે એ બધા અનંત ચતુષ્ટ્ય આત્મામાં અંદર પડ્યા છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે, 'આત્મા જ અરિહંત છે એમ જાણો.' ભગવાન હું અરિહંત આત્મા જ છું.

**'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** કહ્યું હતું ને? ('પ્રવચનસાર'ની) ૮૦ ગાથા. ભગવાન અરિહંતનું દ્રવ્ય એટલે શક્તિવાન. ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે વર્તમાન પ્રગટ હાલતદશા. એવા જે અરિહંતના દ્રવ્ય વસ્તુ સ્વભાવ અને દશાને જે જાણે છે એ આત્માને અંદરમાં (એની સાથે) મેળવે છે. સમજાણું કાંઈ? મારા આત્મામાં પણ એ અનંત જ્ઞાન, દર્શન આદિ વસ્તુના સ્વભાવમાં અરિહંતપદ અંદર પડ્યું છે, પડ્યું તે પ્રગટ થાય છે. હોય તે આવે, ન હોય તે આવે નહિ. એમ ભગવાનઆત્માને અરિહંતના સ્વરૂપથી જાણવો જોઈએ. ઓહો..! એ પ્રતીત, એ શ્રદ્ધા, રાગ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા દ્વારા એ ભગવાનઆત્મા અરિહંત છું એમ પ્રતીત થઈ શકે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, અરિહંતનું ધ્યાન કરવું. કાલે કહ્યું હતું ને? કાલે આવ્યું હતું ને? પેલું નહોતું 'તત્ત્વાનુશાસન'માં ૧૯૨ ગાથા. આ ધ્યાન કરવું. અત્યારે અરિહંત નથી ને? (તો એમનું) ધ્યાન કરવું એ તો જૂઠ–મુઠ ધ્યાન છે. ભાઈ! એ જૂઠું નથી, ભાઈ! તને ખબર નથી. અરિહંત જે પ્રગટપણે અનંત અવસ્થાદશારૂપે, કાર્યરૂપે જે પ્રગટ્યા એ બધા કારણો અંદરમાં તારા સ્વભાવમાં બધા પડ્યા છે, ભાઈ! આહાહા..! એ કારણનું એ પછી કાર્ય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા કારણપરમાત્મા એટલે કે કારણજીવ ધ્રુવ વસ્તુ, એમાં અરિહંતપદ અંદર પડ્યું છે. ત્યાં તો એવો જવાબ આપ્યો છે કે જો એ ન હોય તો એની એકાગ્રતાથી શાંતિ ને આનંદનો અનુભવ, સફળપણું જે થાય છે એ અરિહંતપદનું અંદર સ્વરૂપ છે માટે ધ્યાનમાં સફળપણું આવે છે. તૃષા લાગી હોય અને પાણી ન હોય ને તૃપ્તિ થાય એમ બને છે? તૃષામાં સાચું પાણી હોય તો તૃષા તૂટે. જૂઠ–મુઠ પાણીથી તૃષા તૂટે? એમ આત્મા અરિહંતપદે અંદર સાચી રીતે છે. જો જૂઠ–મૂઠ રીતે હોય તો એની એકાગ્રતાના શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિની દશા જે પ્રગટે છે એ જૂઠ–મુઠ અરિહંત જો સ્વભાવમાં હોય તો આ પ્રગટે નહિ. સમજાય છે કાંઈ? 'વજુભાઈ'!

'મોક્ષ પાહુડ'માં પણ ૧૦૪ ગાથામાં એ જ કહ્યું છે, સમજ્યા ને? 'મોક્ષ પાહુડ'. (અહીં) ૧૦૪ આવી છે, ત્યાં પણ ૧૦૪ આવી છે. જુઓ! **'आगे आचार्य कहते हैं कि जो अरंहतादिक पंच परमेष्ठी हैं वे भी आत्मामें हीं हैं इसलिये आत्मा ही शरण है :'** 'મોક્ષ પાહુડ' ૧૦૪.

**अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी।**
**ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।। १०४।।**

'પંડિતજી'! કેટલી સ્પષ્ટતા છે, જુઓ ને! આહાહા..! સર્વદા મોજૂદ છે. વસ્તુમાં મોજૂદગી ન હોય તો એનલાર્જ ક્યાંથી થાય? એનલાર્જ નામ પર્યાયમાં કાર્યરૂપ ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? અરે..! એ ભરોસો પણ કોણ લાવે?

જેની સત્તામાં... ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, **'अरहन्त सिद्ध आचार्य उपाध्याय और साधु ये पंचपरमेष्ठी हैं ये भी आत्मामें ही चेष्टारूप हैं,**

**शक्तिरुपे आत्माकी अवस्था हैं...'** પ્રગટ થતાં એ આત્માની જ અવસ્થા છે. **'इसलिये मेरे आत्मा ही का शरण है, इसप्रकार आचार्य ने अभेदनय प्रधान करके कहा है।'** સમજાય છે? ૧૦૪ છે, હોં!. અહીં પણ ૧૦૪ ગાથા આવી છે, લ્યો! કુદરતે જુઓને મેળ! અહીં ૧૦૪ છે, ત્યાં પણ 'મોક્ષ પાહુડ'ની ૧૦૪ ગાથા છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા..! ભાઈ! તું મોટો છો, ભાઈ! તું નાનો નથી. તારી દશામાં અલ્પજ્ઞપણું હો પણ સ્વભાવ સર્વજ્ઞ છે, અલ્પદર્શીપણું દશામાં હો પણ સ્વભાવ સર્વદર્શી છે, અલ્પ વીર્ય વર્તમાન પ્રગટમાં હો પણ વીર્ય અનંતનું ધામ આત્મા છે. રાગ–દ્વેષની વિપરીતતા હો પણ વીતરાગ આનંદનો એ આત્મા કંદ છે.

મુમુક્ષુ : એને પંડિતાઈ ગમે છે?

ઉત્તર : ગોઠે છે, એને અનાદિથી ઓલી વસ્તુની રુચિ થતી નથી. ભરોંસો આવતો નથી કે, હું આવડો ભગવાન? બીડી વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ, ધૂળ વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ, એને આવડો હું? એ કોઈ રીતે અંદર બેસતું નથી. 'પ્રેમચંદભાઈ'! આહાહા..!

ભાઈ! તું પોતે જ અરિહંત સ્વરૂપે શક્તિએ બિરાજમાન છો એનું ધ્યાન કર. તું સિદ્ધ સ્વરૂપે અંદર બિરાજમાન છો. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. વસ્તુએ (છે). કંઈ પર્યાયે સિદ્ધ સમાન છે? પર્યાયે સિદ્ધ સમાન હોય તો પછી પુરુષાર્થ કરવાનું શું રહ્યું? અંતર સ્વરૂપ જ જ્ઞાન અનંત, દર્શન અનંત, વીર્ય અનંત, આનંદ અનંત, એમ સ્વચ્છતા અનંત, પરમેશ્વરતા અનંત, કર્તા–કર્મ ષટ્કારકની શક્તિઓ પણ એક સમયમાં અનંત અનંતપણે બિરાજમાન આત્મ દ્રવ્યમાં છે. એવો આત્મ–દરબાર જેમાં અનંતા ગુણો શાશ્વતપણે, શકિતપણે, સામર્થ્યપણે (બિરાજમાન છે). અનંતી પર્યાય એક ગુણની થાય એ તો ભલે પણ એ સિવાય એની અનંત શક્તિ એક એક ગુણની છે. સમજાણું કાંઈ?

અસ્તિત્વ રાખે છે, પ્રમેયત્વ રાખે છે, ધ્રુવતા રાખે છે, નિત્યતા અંદર એને દરેક ગુણને નિમિત્ત થવાની તાકાત રાખે છે, પોતાની અસ્તિ છે, અનંત ગુણની એમાં નાસ્તિ છે, એક એક ગુણ અસ્તિ છે અને અનંત ગુણની (નાસ્તિ છે). એવી એક એક ગુણ અનંત પર્યાય હોવા છતાં એની શક્તિ એ સિવાય અનંત છે પાછી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ વસ્તુ આવી છે. આ કાંઈ કલ્પનાથી મોટી કરી દીધી છે એમ નથી, વસ્તુ જ એવી છે. વસ્તુ જ એવી (છે).

ભગવાનઆત્મા..! કહે છે કે, ભાઈ! સિદ્ધનું ધ્યાન એટલે કે તારા સ્વરૂપનું ધ્યાન કર. ત્રિકાળી ભગવાનઆત્મા સિદ્ધસ્વરૂપી છે, ભાઈ! એની એકાગ્રતા કર. એ એકાગ્રતાનો અર્થ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર. એ ત્રણે સ્વભાવની એકાગ્રતાના ત્રણ રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આચાર્યનું ધ્યાન. આચાર્ય જે કંઈ શિક્ષા–દીક્ષા આપવામાં જે વિકલ્પ છે રાગ એ પ્રમાદભાવ છે, એ ન રાખવો. એ આચાર્યપણું નથી, આચાર્યપણું તો અંદરમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ પંચ આચારનું નિર્મળ પરિણમન પરિણમવું તે આચાર્યપણું છે. શિક્ષા–દીક્ષા આદિ દેવાનો વિકલ્પ હોય છે, રંજનરાગ એ આચાર્યપણું નથી, એ તો રાગ છે. એ પરમેષ્ટીની પર્યાયમાં એ રાગ નથી ભળતો. સમજાણું કાંઈ? આચાર્ય–નમો લોએ સવ્વ આઈરિયાણં. બધામાં 'લોએ' લેવું, હોં! એટલું છેલ્લું મૂક્યું છે–નમો લોએ સવ્વ સાહૂણં. અંત્ય દીપક છે એટલે છેલ્લું બતાવ્યું છે. બાકી નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં એ આચાર્યને નમસ્કાર (હો). પણ એ આચાર્યનું પદ વીતરાગી પર્યાયે

પરિણમેલું પદ છે. એવી બધી પર્યાયો તારામાં અંતર છે. સમજાણું કાંઈ?

એવા આચાર્યને આ રીતે વીતરાગી પર્યાય દ્વારા આચાર્યને ઓળખી અને એનું અંતરમાં તલ્લીન થઈ જવું એ પોતે જ આચાર્ય થઈ જાય છે. ઉપાધ્યાય પણ બીજાને ભણાવે, ભણાવે એવો વિકલ્પ છે એ પ્રમાદ છે. સમજાણું કાંઈ? ઉપાધ્યાયપણું છે એ તો વીતરાગી પર્યાય છે. ભગવાન દ્રવ્ય વીતરાગી, ગુણ વીતરાગી અને પ્રગટ પર્યાય જેટલી વીતરાગી પ્રગટી છે ત્રણ (કષાયના અભાવપૂર્વક) ગુણસ્થાન પ્રમાણમાં એ વીતરાગી પર્યાયવાળું દ્રવ્ય તે ઉપાધ્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ઉપાધ્યાયનું ધ્યાન કરવું.

સાધુ – એને અઠ્યાવીસ મૂળગુણ હોય છે પણ એ તો પ્રમાદમાં જાય છે (કારણ કે) વિકલ્પ છે. એની જે દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પરિણતિ જે છે એને સાધુ કહીએ. એ સાધુ સ્વભાવને સાધે છે, પૂર્ણ સ્વભાવને એ સાધે છે, પેલો રાગ કાંઈ સાધતો નથી. સમજાણું કાંઈ? આવા પરમાત્મસ્વરૂપમાં પાંચે પરમેષ્ઠી પદ અંદર પડ્યા છે. આહાહા..! પડ્યા તે પ્રગટ થાય છે. એમ અંતરમાં ભરોસો કરીને તેનું કર ધ્યાન, એમ કહે છે. સમજાણું કાંઈ ? ધ્યાન પછી ચારિત્રની પર્યાય છે. રુચિ પ્રગટ્યા પછી સ્થિરતા પ્રગટે ને? ભગવાનઆત્મા આવો છે, છે એવી શક્તિ. રાત્રે તો બહુ આવ્યું હતું, હવે એ કાંઈ ફરીને આવે? રાત્રે તો ઘણું આવ્યું હતું. હતા કાલે તમે? નહોતા? ઓહો..હો..! કાલે તો આવ્યું, ભાઈ! આવે ત્યારે આવી જાય ને એ તો! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ : એ કોનું ધ્યાન કરે છે?

ઉત્તર : આનંદનું ધ્યાન કરે છે. કેવળી કોનું ધ્યાન કરે છે? 'પંડિતજી'! 'પ્રવચનસાર'માં આવ્યું ને? મોહ નથી, પદાર્થનું જ્ઞાન પૂર્ણ છે તો કોનું ધ્યાન કરે છે? તો તેમનું શું ધ્યાન છે? એવો પ્રશ્ન થયો છે. ભાઈ! એ તો અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે ને! એ એનું ધ્યાન કહો, એનો આનંદનો અનુભવ (કહો). આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'. છેલ્લી ગાથાઓ આવે છે ને? 'જ્ઞેય અધિકાર'. આહાહા..!

એ બધું અસ્તિ છે, હોં! આ બધી વાત નથી. એથી શાસ્ત્રમાં પેલી વાત આવે છે ને? 'ષટ્ખંડાગમ'માં 'ષટ્ પદ પ્રરૂપણા'. 'પંડિતજી'! એ પહેલો શબ્દ આવે છે ને? 'ષટ્ પદ પ્રરૂપણા'. 'ષટ્ખંડાગમ'ની પહેલી શરૂઆત આવે જ્યારે (ત્યાં એમ આવે છે) 'ષટ્ પદ પ્રરૂપણા'. છતા પદાર્થોની કથન શૈલી આવે છે. 'ષટ્ખંડાગમ'નો પહેલો શબ્દ, હોં! આમાંય એમ આવે છે, શ્વેતાંબરમાં આવે છે, મને તો શ્વેતાંબરમાંથી ખબર છે. અનુયોગ દ્વારમાં. પહેલો આવ્યો શબ્દ, આમાં એ જ આવ્યો 'ષટ્ પદ પ્રરૂપણા'. જે પદાર્થો જે રીતે છે તેને એ પદાર્થને વાણીના પદ દ્વારા એનું કથન કરવું. એ સત્ હોય તેનું કથન છે, ન હોય એનું કથન નથી. એમ પહેલી શરૂઆત જ 'ષટ્ખંડાગમ'માં ત્યાંથી ઉપાડી છે. સમજાણું કાંઈ?

આત્મા એ છે, આવો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એવી વીતરાગી દશાઓ સાધકને ભલે અસંખ્ય છે અને સિદ્ધની, કેવળીની અનંત પર્યાય છે અને એ બધી પર્યાયોનો પિંડ ભગવાનઆત્મા છે. એવું છતું છે, એ છતો પદાર્થ એવો છે, હોવાવાળો ભગવાન એ રીતે છે. એની અંદરમાં શ્રદ્ધા (કરે), રાગનો આશ્રય છોડી એની શ્રદ્ધા (કરે). સ્વભાવ જ્યારે વીતરાગ છે તો એની વીતરાગ દશા દ્વારા જ એની પ્રાપ્તિ હોય છે. **'स्वानुभूत्या चकासते'** સમજાણું કાંઈ? એ વસ્તુમાં રાગ નથી કે જેથી રાગ વડે એની પ્રાપ્તિ થાય.

ભગવાનઆત્મા અકષાય વીતરાગરસથી ભરપૂર પડેલો છે. શું કહેવી એની વાત, કહે છે. સમજાણું

કાંઈ? એવા આત્માનું પંચ પરમેષ્ઠી તરીકે ધ્યાન કરવું. સમજાય છે કાંઈ? એ આત્મા જ પોતે ધ્યાન ગર્ભિત છે. 'આત્માના ધ્યાનમાં જ પાંચે પરમેષ્ઠીનું ધ્યાન ગર્ભિત છે. શરીરાદિની ક્રિયા ધ્યાનમાં ન લેતાં...' અરિહંતના સમવસરણ ને વાણી ને શરીર લક્ષમાં ન લેતા એનો આત્મા આ પ્રમાણે કેવળજ્ઞાન આદિ પરિણમેલું અસ્તિત્વ તત્ત્વ છે એવા અરિહંતને લક્ષમાં લેવા. સમવસરણ નહિ, વાણી નહિ, શરીર નહિ. સિદ્ધને તો કાંઈ બીજું છે નહિ, એ તો છે ચોખ્ખી નિર્મળ પર્યાયથી પરમ પારિણામીક દશાથી પૂરા છે. આચાર્યનું ધ્યાન પણ એના વિકલ્પ અને વાણી અને રંજનરાગના પરિણામ એ લક્ષમાં ન લેવા. એનો આત્મા જે રીતે વીતરાગી દશાએ પરિણમ્યો એ લક્ષમાં લેવું. એમ ઉપાધ્યાયને પણ એ રીતે અને સાધુને પણ એ રીતે (લક્ષમાં લેવા).

'ક્રિયા ધ્યાનમાં ન લેતાં કેવળ તેમના આત્માનું આરાધન તે જ નિશ્ચય આરાધન છે.' જુઓ! આત્મા જેને કહીએ. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ આત્મા નથી, એ તો પુણ્ય પરિણામ છે. આચાર્ય, ઉપાધ્યાય. આચાર્યને શિક્ષા–દીક્ષાનો વિકલ્પ ઉઠે છે તે આસ્રવતત્ત્વ અથવા શુભ તત્ત્વ છે, શુભ આસ્રવ છે, એ આત્મા નથી. એની આત્માની સ્થિતિ જે છે એને શ્રદ્ધા, જ્ઞાનમાં લઈને આત્મામાં આ બધું છે એમ એણે ધ્યાન કરવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ?

'સમયસાર કળશ'માં કહ્યું છે.' આધાર આપ્યો છે. આત્માનું સ્વરૂપ...

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वामात्मनः।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।**

'આત્માનું સ્વરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રમય એકરૂપ જ છે, એ જ એક મોક્ષનો માર્ગ છે.' જુઓ! **'एक एव सदा सेव्यो'**.. મોક્ષમાર્ગ એક જ છે, ભાઈ! એ સ્વભાવ મહાન પરમાત્મા, મહા પરમાત્મા, પોતે પરમાત્મા મહા છે. એવા પરમાત્માની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા (થાય) એ મોક્ષમાર્ગ નિર્વિકલ્પ એક જ છે. સમજાણું કાંઈ? બીજો મોક્ષમાર્ગ તો નિમિત્ત દેખીને કથન નિરૂપણ બે પ્રકારનું છે. વસ્તુ બે પ્રકારે નથી. સમજાય છે કાંઈ?

ભાઈએ 'ટોડરમલજી'એ એ જ લીધું છે. આપણે પણ આવે છે ને? નિરૂપણ નહોતું આવ્યું? ('સમયસાર') ૪૧૪ ગાથા છે. છેલ્લી ગાથા, તે દિ' કહ્યું હતું. શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારના દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે એવો જે નિરૂપણ પ્રકાર. 'ટોડરમલજી'એ ધર્મ શબ્દ નથી મૂક્યો. જે શૈલી આચાર્યોની છે એ શબ્દને જ મૂક્યો છે. 'પંડિતજી'! એમણે પણ એમાં કહ્યું છે ને કે, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, એ શબ્દ વાપર્યો છે. મોક્ષમાર્ગ બે પ્રકારે નથી, એનું કથન બે પ્રકારે છે, એ શબ્દ અહીં છે. ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે) :

**ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।**
**णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।। ४१४।।**

એક એક શબ્દ એણે શાસ્ત્રમાંથી લીધા છે. ભલે સામાન્યનું વિશેષ સ્પષ્ટ કર્યું છે ભલે પણ એ શાસ્ત્રના જે શબ્દો હોય એ શૈલીએ જ વાત કરી છે, ઘરની (વાત) કાંઈ કરી નથી પણ લોકોને એનો વિશ્વાસ આવતો નથી. સીધા શાસ્ત્રના અર્થ સમજાતા નથી અને સાચા પંડિતોએ કરેલા અર્થનું બહુમાન આવતું નથી. અહીં કહ્યું, જુઓ! 'બે ભેદે (બે પ્રકારનાં) દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે એવો જે પ્રરૂપણ પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,...' પરમાર્થ નથી. સમજાણું કાંઈ?

**(શેષ આવતા અંકે.. )**

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૧૩ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીની આગામી ૧૧૩ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૧૭-૦૫-૨૦૨૪ થી તા.૧૯-૦૫-૨૦૨૪ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઊજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઊજવવામાં આવશે.

તા.૧૯-૦૫-૨૦૨૪, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

સંપર્ક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

## આવશ્યક સુચના


"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (એપ્રિલ-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ શ્રીમતી વર્ષાબેન હેમાણી, ભાવનગર તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# પરમાગમસાર બોલ-૧૦૦ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન

**''ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદલા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એક વાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે.'' ૧૦૦.**



**'ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે.'** આ છાણાં જે બાળે છે (એ) વેચાતાં ન લેવાં પડે, પૈસાથી ખર્ચ ન કરવો પડે (એટલે) છાણ વિણવા નીકળે છે, પોદળા વિણવા નીકળે છે. ગામડાંમાં ઉછર્યા હોય એને તો ખબર હોય અને જે આ ભરવાડ, રબારી લોકો છાણાંનો ધંધો કરતાં હોય એને તો એ કમાણીનું સાધન છે. તો શું કહે છે ? કે એ છાણ શું છે? કે તિર્યંચની વિષ્ટા છે. છાણ શું ચીજ છે? કે તિર્યંચની વિષ્ટા છે, પશુની વિષ્ટા છે. વિષ્ટા મળતાં પણ મનુષ્ય પ્રાણી (ખુશ થાય છે). આ જે સ્ત્રીઓ છે એ તો મનુષ્ય છે ને, પર્યાયે મનુષ્ય છે. એની સ્થિતિ (પશુ કરતાં) ઊંચી છે. એમાં શું સરખામણી લેવી છે? કે મનુષ્ય છે એ તિર્યંચ કરતાં ઊંચાં સ્થાને છે, છતાં એ તિર્યંચની વિષ્ટા મળતાં ખુશી થાય છે! જુઓ! આ દિનતા શું ચીજ છે! જીવ રજકણમાં સુખ માને છે ત્યારે એની પરિસ્થિતિ ક્યાં સુધી થાય છે! કે પોતે મનુષ્ય હોવા છતાં પોતાથી હલકી જાતિના જીવો જે તિર્યંચ, તે તિર્યંચની વિષ્ટામાં પણ એ ખુશીપણું માને છે. અહીં તો હજી એથી આગળ કહેશે. એ ખુશી ખુશી થઈ જાય છે. એમાં સારો મોટો પોદળો મળે (તો) રાજી થઈ જાય કે, આ સૂંડલો ભરીને એક (પોદળો) મળી ગયો! ઠીક! એટલાં ખુશી થાય. **'અને ધન વૈભવ મળતાં શેઠિયાઓ ખુશી ખુશી થઈ જાય છે.'** આ બન્નેને એક વર્ગમાં મૂક્યાં.

ગુરુદેવ ફાળો નહોતા કરતાં. એમની મુખ્ય પદ્ધતિ એ હતી કે, એ કદી ફાળો કરતાં નહિ. ફાળાનું નામ નહિ. જેને સામેથી દેવા હોય એ દે ને કરોડપતિ એક પૈસો પણ ન દ્યે તો ભલે ન દ્યે. એની સાથે કોઈ માથાકૂટ નહિ. એટલે પૈસાવાળાને ખુશી રાખવાનો તો પ્રશ્ન રહેતો નથી. પણ એ પૈસાવાળાની દીન વૃત્તિ કેવી છે, કે છાણનો પોદળો લેવા નીકળેલી બાઈ જેવી છે! એમ કહે છે. બન્નેને એક વર્ગમાં મૂક્યાં છે. એની દીનતામાં અને આની દીનતામાં કાંઈ ફેર છે નહિ. એમ લીધું છે.

એ કજિયા કરે, પોદળા (માટે) જો બે-ચાર બાઈઓ ભેગી થાય, તો કજિયો કરે, અને અહીંયા પૈસા માટે કજિયો કરે ! અને છોકરાં કોડીએ રમે તો કોડીઓ માટે કજિયો (કરે) – માથું ફોડે ! રમતાં રમતાં

શેરીમાં ઝઘડી પડે (અને) સામે સામા પાણે પાણે આવે, તો માથું ફોડે કે નહિ ? આમ છે. આ જીવની સ્થિતિ છે! જ્ઞાનીઓ જગતના એ પદાર્થને છાણ અને કોડી જેવાં જાણે છે, અને જેને જગતના પદાર્થોની મહત્તા છે અને મોટાઈ છે (એવી માન્યતા છે) એને પાગલ સમજે છે, એને ગાંડા સમજે છે કે આ છાણમાં અને કોડીમાં મોટાઈ માને છે!

વળી, એ મોટાઈ માનવાને (જ્ઞાનીઓ) શું ગણે છે? કે જ્યાં સુધી જગતમાં જે પદાર્થો મહત્તારૂપે – મહત્તાના કારણરૂપે – લેખાય છે અને ગણાય છે, એની મહત્તા જ્યાં સુધી જીવને જતી નથી, ત્યાં સુધી જીવને આત્માની મહત્તા આવતી નથી. જડ પદાર્થની મહત્તા જતી નથી ત્યાં સુધી ચૈતન્ય પદાર્થની મહત્તા આવતી નથી. આ એક વિશેષ વાત છે. કેમકે જડની મહત્તામાં જીવના પરિણામનો રસ જડમાં જાય છે અને જડ જેવો થાય છે, એમાં ચૈતન્યની સ્ફુરણા રહેતી નથી. એમાં ચૈતન્ય મૂરઝાય છે, મૂંઢાય છે, મૂર્છાય છે.

એ ચૈતન્યની મૂર્છા ટાળવા અર્થે, પ્રથમમાં પ્રથમ એને જડ પદાર્થની કિંમત ચાલી જવી જોઈએ. મહત્તા છૂટી જવી જોઈએ અને તે પણ આત્મસ્વરૂપની મહત્તાને વશ, એમને એમ ઓઘે ઓઘે નહિ કે ચાલો, અમને જડની મહત્તા નથી માટે આ છોડ્યું. એમ પણ નહિ. આત્મસ્વરૂપની મહત્તા આવવા પૂર્વક (તેની મહત્તા જવી જોઈએ). ત્યાગ તો ગ્રહણ પૂર્વક હોય છે, શું ગ્રહ્યું છે? એના ઉપર ત્યાગનું મૂલ્યાંકન છે. આત્માએ શું ગ્રહ્યું? શુદ્ધાત્મતત્ત્વને જો ગ્રહણ કર્યું, પરમાત્મતત્ત્વને જો ગ્રહણ કર્યું, આત્મા પરમેશ્વરપદ છે (એમ જો ગ્રહણ કર્યું) તો તો એને બહારની કિંમત ગઈ છે. એટલે એને બહારનો ત્યાગ થવો સહજ અને સંભવિત છે. તો એ તો એને સાનુકૂળ છે. પણ એમને એમ જો (ત્યાગ) થાય, તોપણ એ યોગ્ય નહિ હોવાથી, એક નહિ અને બીજા અનર્થનું કારણ થાય છે. કેમકે એની અંદર મિથ્યાત્વનું પોષણ થાય છે.

પ્રશ્ન :– પ્રથમ આત્મસ્વભાવની મહત્તા થાય ત્યારે શું લાગે ? અને કેવી રીતે એની મહત્તા લાગે ?

સમાધાન :– ઓળખાણ વિના મહત્તા આવે નહિ. કોઈપણ પદાર્થની મહત્તા ઓળખાણ વિના આવતી નથી. જગતમાં એમ કહે છે કે હીરો કિંમતી ચીજ છે, સોનું કિંમતી ચીજ છે, પણ એની ઓળખાણે કિંમત છે. ઘરમાં હીરો હોય અને ઓળખાણ ન હોય તો ઠેબે લ્યે, ઠેબુ મારે ! ઓળખાણ વગર કિંમત નથી. (તેથી) ઓળખાણ કરવી જોઈએ. સર્વ સત્પુરુષોનું આ વચન છે કે પ્રથમમાં પ્રથમ આત્માને ઓળખવો. આત્માને ઓળખો, ઓળખીને એકાગ્ર થવું. આ પ્રથમ આજ્ઞા છે!

જો કે ઓળખાય એટલે એકાગ્રતા આવ્યાં વિના રહે નહિ. ઓળખાય ત્યારે એ અનંત મહિમાવંત તત્ત્વની મહિમા આવે છે અને મહિમા જેની આવે ત્યાં સર્વ પરિણામ એકાગ્ર થયાં વિના રહે નહિ. એ કુદરતી પરિસ્થિતિ છે. એટલે પ્રથમમાં પ્રથમ ઓળખાણ કરવી અને જેટલી પોતાની શક્તિ છે, એ સર્વ શક્તિથી – પૂરા ઉદ્યમથી આત્માને ઓળખવા પ્રત્યે પ્રયાસ કરવો પછી બીજું બધું કરવું. પહેલું આ કરવું. એમ વાત છે. સમયસાર ૧૪૪ ગાથા(માં) એ તો લીધું છે ને 'પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો.' આમ આજ્ઞા છે! નિશ્ચય કરવો એમ કહો કે ઓળખાણ કરવી, એમ કહો, બન્ને એકાર્થ છે.

અહીંયા શું કહે છે? કે એ રીતે '**ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે**.' સરવૈયામાં નફો વધેને તો એને પોરો ચડે કે ઠીક, આપણી મૂડી વધી! મૂડી વધી, આપણી શક્તિ વધી, આપણી મૂડી વધી, (એમ) એને હૂંફ આવે છે! જે પદાર્થ આત્માથી તદ્દન ભિન્ન છે અને ચૈતન્ય પદાર્થની અપેક્ષાએ તો એ જડ છે, વળી એ નાશવંત છે એટલે એનો સંયોગ પણ

કાયમી નથી, છતાં જીવને હૂંફ આવે છે અને હૂંફ આવે ત્યારે માણસ બહેકી જાય છે ને ! (કે) મારે કોઈની સાડીબાર નથી ! દેખાય છે ને ? માણસ નથી કહેતા કે, ભાઈ ! કાંઈ નહોતું એમાં બે પૈસા થઈ ગયાં, એટલે 'ચકલી ફુલેકે ચડી !' આ કહેવત છે. એટલે એમકે હવે ઊડાઊડ કરે છે અને પહેલાં આમ ચાલતાં હતાં અને હવે આમ ચાલે છે એમ ઘણું બધું એમાં આવે છે. લોકોની બોલણીમાં તો ઘણું આવે છે (કે) મોઢું ફુલાવે છે અને આમ બધું ફરી જાય ! (એ એમ બતાવે છે કે) એને એ હૂંફ છે !

નાશવંત પદાર્થની કાલ્પનિક હૂંફ પાછળ પણ જીવના પરિણામને આટલો ટેકો મળે છે, તો અનાદિ અનંત શાશ્વત ચૈતન્ય ઋદ્ધિ દિવ્ય શક્તિઓથી ભરપૂર તત્ત્વ છે. એની સમ્યક્દૃષ્ટિ જીવોને હૂંફ આવે છે. એનો આધાર લે છે ને, (એનો) આશ્રય લે છે કે 'આવો હું!' જે પરમેશ્વરપદ છે, સાક્ષાત્ સિદ્ધપદ છે, એની હૂંફ કેટલી આવે ? કે અનંતી આવે. એને જગતની કોઈની તમા રહેતી નથી કે જગતના જીવો મને અનુકૂળ થાય તો ઠીક. બીજા જીવો મને આવો ધર્મી ઓળખે તો ઠીક, બીજાઓ મને આમ જાણે અને માને તો ઠીક, એવી બીજાઓના ભાવોની લાચારી છૂટી જાય છે.

સોગાનીજી સાથે તો (મારે) પરિચય હતો ને, ઘણો પરિચય હતો (એટલે) એક વખત કહ્યું કે, 'આપના વિશે ગુરુદેવ જાણે તો ઘણો પ્રમોદ આવે એવું છે.' તો કહે, 'માનો કે ગુરુદેવને જાન લિયા ઔર ગુરુદેવકો પ્રમોદ ભી આયા, (તો) મેરે આત્માકો ક્યા ફાયદા હોગા?' ઠીક! હું તો સ્વાર્થી છું! મને ક્યાં લાભ થાય, એટલું જોઉં છું ! બીજાં મને ધર્મી અને સારો જાણશે, તેથી મારા આત્માને કોઈ લાભ થશે એવું તો બનતું નથી. એવું ન બનતું હોય તો એમાં મારું પ્રયોજન નથી. એ પ્રયોજન વગરના કાર્યમાં મને રસ નથી. મને મારા પ્રયોજનભૂત કાર્યમાં રસ છે. (એટલે કે) મને આત્મશાંતિ ઊપજે અને આત્મિક સુખ ઊપજે અને મારા આત્મગુણનો વિકાસ થાય અને અવગુણનો નાશ થાય એમાં મારું પ્રયોજન છે, એમાં મને રસ છે, બાકીના કોઈ કાર્યનો મને રસ છે નહિ.

પ્રશ્ન :– દરેક જ્ઞાનીને આવું જ હોય?

સમાધાન :– પ્રત્યેક(ને), આ તો દૃષ્ટાંત છે. (બાકી તો) બધાં જ જ્ઞાનીની આ જ સ્થિતિ છે. આત્મદૃષ્ટિ પ્રગટી એનો અર્થ શું? કે આત્માના ગુણની દૃષ્ટિ, આત્માના સ્વભાવની દૃષ્ટિ પ્રગટી છે અને એ ક્યારે પ્રગટે છે ? કે જ્યારે અનેક પ્રકારનો વ્યામોહ પાતળો પડે છે. કોઈપણ મુમુક્ષુ જીવને બાહ્ય લોભ, બાહ્ય માન, બાહ્ય કીર્તિ, બાહ્ય પદાર્થો, બાહ્ય દૃષ્ટિ, એ બધાં પ્રકારનો બાહ્ય તત્ત્વનો વ્યામોહ પાતળો પડે છે, ત્યારે તે જીવને સ્વભાવથી, ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં દૃષ્ટિ જાય છે કે ક્યાંય સુખ નથી. સદ્ગુણ સિવાય ક્યાંય સુખ નથી. ચાહે એ જીવ સ્વર્ગમાં જાય કે જગતના કોઈ ખૂણામાં જાય. સદ્ગુણ સિવાય ક્યાંય સુખ છે નહિ, અને અવગુણની સાથે દુઃખ અવિનાભાવીપણે જડાયેલું છે. ધર્મના પ્રકરણમાં આ સુખ–દુઃખનો હિસાબ છે. જગતના પ્રકરણમાં બીજી વાત છે. જગતમાં પૈસા અને સંપત્તિ છે ત્યાં સુખ છે અને ગરીબી અને શરીરની અશાતામાં દુઃખ છે. ત્યાં સંપત્તિ અને શાતામાં સુખ છે, એ પલાખું અહીંયા ખોટું પડે છે. સંપત્તિવાળા દુઃખી જોવામાં આવે છે અને શરીરે તંદુરસ્ત શાતાના ઉદયવાળા પણ બેચેન અને દુઃખી જોવામાં આવે છે.

મુમુક્ષુ :– આ તો દુનિયા જ જુદી છે!

પૂજ્ય ભાઈશ્રી :– અલૌકિક વિષય કહ્યો છે! એટલા માટે આ વિષયને લૌકિક ગણતરી (થી) ફેરવાળો, જુદી જાતનો, અલૌકિક વિષય ગણવામાં આવે છે!!

એટલે (અહીંયા કહે છે કે) એને સુખ ત્યાંથી લેવું છે – ધર્મીને ગુણમાંથી સુખ લેવું છે. એને બાહ્ય પદાર્થમાંથી સુખ લેવું નથી. એટલે જે (ધન વૈભવ

મળતાં) ખુશી ખુશી થાય છે, **'પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી.'** જુઓ! જ્ઞાનીની દૃષ્ટિમાં પૈસામાં સુખ માનનાર પોદળામાં સુખ માનનાર જેવો ગરીબ છે!! એની દૃષ્ટિમાં એ શ્રીમંત નથી પણ એની દૃષ્ટિમાં એ ગરીબ છે!

ગુરુદેવ તો કહેતાં, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી સોનગઢ પધાર્યા ત્યારે કહે કે જુઓ, દરબાર ! અમારી તો જુદી વાત છે, અહીં તો નાનું - ઓછું માગે એ ઓછો - નાનો માગણ અને વધુ માગે એ મોટો માગણ! તમારે બાર મહિને એક કરોડ જોવે તો મોટા માગણ તરીકે અમારી નજરમાં આવે! કેમકે તમને સારું લગાડીને કાંઈ પૈસા લેવા છે, એવી કોઈ વ્યાપારની દૃષ્ટિ ધર્મમાં હોઈ શકે નહિ અને હોય તો એ ધર્મ નહિ પણ દુકાનદારી થઈ જાય છે!! જો પૈસા મેળવવા માટે શ્રીમંત લોકોની પ્રશંસા કરવામાં આવે કે રાજાઓની પ્રશંસા કરવામાં આવે, તો એ દુકાનદારી થઈ જાય છે. એ ધર્મનું સ્થાન રહેતું નથી.

અમને અમારો આત્મા કેમ જણાતો નથી? આવો એક પ્રશ્ન આવે છે. તો એને એમ કહે છે કે બુદ્ધિમાં તો ખામી નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે એટલે એને બુદ્ધિ નથી એમ તો કહી શકાય નહિ વળી, જગતના અનેક ચાતુરીભર્યા કાર્યોને જીવ કરે છે ત્યારે એને બુદ્ધિ નથી એમ તો કહી શકાય નહિ. (એટલે) બુદ્ધિ તો છે. હવે જ્ઞાનમાં બુદ્ધિનો ઊઘાડ હોવા છતાં અને આત્મા કહેનાર સત્‌શાસ્ત્રો, સત્પુરુષ આદિ મળવાં છતાં કેમ એ જ્ઞાનમાં પોતાનો આત્મા ભાસ્યમાન થતો નથી ? કે એનું આ ચોખ્ખું કારણ છે કે, જ્યાં સુધી જીવને જગતના પદાર્થોની મહત્તા છે ત્યાં સુધી એને આત્મા ભાસે નહિ. આ સ્પષ્ટ વાત છે. જગતના પદાર્થોની મહત્તા એમને એમ જળવાઈ રહે (અને) શાસ્ત્ર વાંચે એટલે એને સમજાઈ જાય અને આત્મા પણ ભાસે, એવું કદી બનતું નથી.

શ્રીમદ્‌જીએ એક (જગ્યાએ) બહુ સ્પષ્ટ લખ્યું છે હોં! લૌકિક અભિનિવેશ એટલે દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માનવું હોય - વિશેષત્વ માનવું હોય એટલે આ (મહિમા)! (જે અહીંયાં કહે છે), તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ-સ્વેચ્છાએ અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય, આ પણ પરમાં જાય છે. ત્યાં સુધી જીવને અપૂર્વ ગુણ કેમ ઉત્પન્ન થાય? કે ન થાય. તેનો વિચાર સુગમ છે, કે ન થઈ શકે. (બીજા પત્રમાં) તો બહુ સ્પષ્ટ લખેલું છે (કે) એને (આત્મા) ભાસતો નથી. જ્યાં સુધી લૌકિક પદાર્થોનો મહિમા છે ત્યાં સુધી એનો રસ જ્ઞાન-દર્પણને મલિન કરે છે. ભલે બુદ્ધિનો ઉઘાડ છે પણ એ મલિનબુદ્ધિ છે. તેથી એમાં શુદ્ધ - નિર્મળ એવું નિર્મળ ચૈતન્ય તત્ત્વ ભાસ્યમાન થતું નથી. અથવા જે આત્મતત્ત્વ શુદ્ધ નિર્મળ છે તે જ્ઞાન-સ્વભાવી છે. જ્ઞાનમાં જ્ઞાનનો જ સ્વભાવ ભાસ્યમાન થતો નથી. કેમકે જ્ઞાનને જ્ઞાનનો સ્વભાવ ભાસવા અર્થે એને જ્ઞાનથી વિરુદ્ધ એવા જડ તત્ત્વનો જે જ્ઞાનમાં રસ છે એ રસ ટાળ્યો નથી - આમ છે. શ્રીમદ્‌જીએ મુમુક્ષુઓને માટે ઘણું માર્ગદર્શન આપ્યું છે.

(અહીંયાં કહે છે) **'એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે.'** આમ છે. એક વાર દેખે તો નિર્મૂલ્ય ભાસે અને વિચારીને નિર્મૂલ્ય કરે તો દેખે. કેમકે બન્ને એક સાથે થાય છે, વારાફરતી કરવાનો પ્રશ્ન નથી. આત્માને ઓળખવાના પ્રયાસમાં વિચારની સ્થિતિમાં નિર્મૂલ્યતા, વિચારીને આવવી જોઈએ. વિચારીને આવવી જોઈએ.

વિચારીને એટલે વિચાર તો કરવામાં આવે છે. વિચાર નથી કરવામાં આવતો એવું નથી, પણ મૂલ્ય જાય છે કે નહિ એ સવાલ છે. આની કિંમત નથી, આની કિંમત નથી, આની કિંમત નથી, એમ વિચારવા છતાં એની કિંમત ખરેખર જાય છે કે નહિ, આટલો

સવાલ છે. અંદરથી ગઈ છે કે નહિ, એ સવાલ છે.

જો એને એની કિંમત જાય અને એ કિંમત છે એનું મૂળ કારણ સુખ છે. સુખની જે ભ્રાંતિ છે એને લઈને એની કિંમત છે, તો એના માટે વિચારની કઈ રીત હોવી જોઈએ ? કે જ્યાં જ્યાં એને સુખનો અનુભવ થાય, જે ખરેખર સુખ નથી પણ સુખાભાસ છે, જ્યાં જ્યાં એને સુખનો અનુભવ થાય, જે જે પરિણામમાં થાય, જે જે સંયોગમાં થાય, ઇષ્ટ સંયોગ - અનિષ્ટ વિયોગ, એ એને સુખનું કારણ છે. એમાં (એણે) ઈષ્ટપણાની, અનિષ્ટપણાની કલ્પના કરી છે. વાસ્તવિક કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ નથી અને ત્યાં સુખ છે કે સુખાભાસ છે? (આમ) એણે અનુભવને પકડીને અવલોકીને એનું મૂલ્ય ટાળવું જોઈએ. મૂલ્ય ટાળવું જોઈએ, એની કિંમત ટાળવી જોઈએ. જ્યાં ઠીકપણું આવ્યું ત્યાં મહત્તા આવી, ત્યાં એનું મૂલ્યાંકન થઈ ગયું કે આ સારું છે. જગતમાં કોઈ જડ પદાર્થ ચૈતન્ય માટે સારો પણ નથી, ખરાબ પણ નથી. એવું જે સત્ય છે, પરમ સત્ય છે, એ કેમ બરાબર છે? એ અનુભવમાં કેમ બરાબર છે? વિચારમાં બરાબર છે એમ નહિ, એ અનુભવમાં કેમ બરાબર છે? એનો એને પ્રયાસ ચાલવો જોઈએ.

જો એ રીતે વિચારીને નિર્મૂલ્ય કર્યું હોય તો જ્ઞાનમાં મલિનતા ન રહે, (તે) ભૂમિકાની હોં ! અને એ જ્ઞાનમાં પોતાનો જ જ્ઞાન - સ્વભાવ શું છે? કેવો છે? એ પ્રતિભાસ થવાનો અવસર આવે અને એક વાર જો એ પોતાના નિધાનને જોવે, કે કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટ્ય મંડિત મારું સ્વરૂપ છે, તો એને જગતના કોઈ પદાર્થો મૂલ્યવાન ભાસે નહિ. નિર્મૂલ્ય ભાસે છે. આખી દૃષ્ટિ ત્યાંથી ફરે છે.

(માટે કહે છે કે) એક વાર આત્માના નિધાનને દેખે તો એટલી મહત્તા આવે, એટલી મહત્તા આવે કે એક પલ્લામાં પોતાનો આત્મા, ત્રાજવાના એક પલ્લામાં પોતાનો આત્મા અને બીજાં પલ્લામાં ત્રણ કાળ ત્રણ લોક (રાખવામાં આવે તો) એ ઉલડી જાય છે! ફેંકાઈ જાય છે એ પલ્લુ! આ એવું વજનથી બેસી જાય છે કે એને તોળવા જાય તો આત્માનું પલ્લુ બેસી જાય છે અને બીજું પલ્લુ ઉલડી જાય છે! આવો અનંત મહિમાવંત આત્મા છે!! (તેથી) બહારના નિધાનોની નિર્મૂલ્યતા એને ભાસ્યા વિના રહે નહિ. એ ૧૦૦ નંબર થયો.

*

---

**(પાના નં ૧૯થી આગળ... )**

સ્થિતિ હોત એ કહેવું મુશ્કેલ છે. અનંત ભવભ્રમણમાં આ જીવ પરિભ્રમણ કરતો આવ્યો છે, એ પરિભ્રમણ કરતા જીવને અનંતકાળમાં સત્પુરુષનો યોગ ક્વચિત્ જ થાય છે. જેમ અનંતકાળમાં મનુષ્યભવ ક્વચિત્ જ મળે છે, એવા ક્વચિત્ મળતાં અનેક મનુષ્યભવોમાં - અનંત મનુષ્યભવોમાં દુર્લભ એવો સત્પુરુષનો યોગ પણ ક્વચિત્ જ થાય છે. એનું બહુ મોટું મૂલ્યાંકન છે. એક વખત કોઈ મરણથી બચાવે, કૅન્સરનો રોગ મટાડી દ્યે તો એનો ગુલામ થઈ જાવ એમ કહે. પીડામાં રાડ-બૂમ ને દેકારો કરતો હોય એવી વેદનામાંથી કોઈ બચાવે તો તો એમ કહે કે તું બચાવ તો આખી જિંદગી તારો ગુલામ થઈને રહીશ. શું કહે? કે આ પીડામાંથી જો તું મને બચાવીશ તો આખી જિંદગી તું કહીશ એમ કરીશ. આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર છે એનું મૂલ્ય કોઈ શબ્દોમાં, કોઈ Termમાં, એની કોઈ Terminology નથી. કઈ Termમાં થાય? કઈ શરતમાં થાય? એ કોઈ રીતે થઈ શકે એવું નથી. એવા ગુરુદેવના ઉપકારને પણ આજે સ્મરણ કરવા યોગ્ય છે.

**(શ્રી 'પરમાગમસાર' પ્રવચન નં-૨૯૭ માંથી)**



## જ્ઞાનીઓની ખરી જન્મજયંતિ કઈ !!

### પૂજ્ય બહેનશ્રી સમ્યક્જયંતિ (૪-૪-૨૪)

સમ્યક્દષ્ટિ એટલે એમનું સ્વરૂપ શું?! પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વદિન આવે છે.. ત્યાં (સમ્યક્જયંતિ) એ ગુણનું બહુમાન છે, વ્યક્તિનું બહુમાન નથી. ખરેખર એની પાછળ ગુણનું બહુમાન છે. જે એક ક્ષણ અનંતભવનો ક્ષય કરે છે, અનંતભવને છેદ મારે છે... કુહાડાથી ઘા મારેને એ મૂળમાંથી કાપે, એવો એ ભવના તરુ ઉપર કુઠારઘાત છે. એક ક્ષણનો અનુભવ એ બહુ મહાન ચીજ છે એ બતાવવા માટે એની મહાનતા અહીંયાં વ્યક્ત કરે છે, કે ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત ઊભી કરી છે. કેટલો રસ લઈને એ આત્માનુભવ થયો હશે એ ત્યાં પહોંચ્યા વિના સમજાય એવું નથી. કેટલો રસ લઈને એનો અવતાર થયો છે, ત્યાં ભગવાનઆત્માનો જન્મ થયો છે. ખરેખર તો જ્ઞાનીઓની જન્મજયંતિ આ છે!! જે બાકીની દેહની જે જન્મજયંતિ, દેહનો જન્મ થયો એ તો એક શરીરના સબંધવાળી વાત છે કે જે સબંધ જ્ઞાનીઓ છોડવાના છે. એની એટલી કિંમત નથી. ખરેખર તો જ્ઞાની તરીકેનો જન્મ આ દિવસે થયો, આ એથી મોટી જન્મજયંતિ છે. ખરેખર બે જન્મ લઈએ - એક આત્માનો જન્મ-આત્મા અવિનાશી છે પણ અહીંયાં આત્મા આત્માપણે અનુભવમાં આવ્યો એ ખરેખર આત્મા થયો, પરમાત્મા થયો ત્યાં એ!! એ ખરેખર સાચી જન્મજયંતિ છે. પેલી ઊજવાય કે ન ઊજવાય પણ આ (સમ્યક્જયંતિ) તો ઊજવાવી જ જોઈએ. એમ છે. પેલા કરતાં આનું મહત્ત્વ વધારે છે. પણ બાહ્યદષ્ટિવાળાને બાહ્ય પ્રસંગનો મહિમા આવે છે એટલે પેલી જન્મજયંતિને પકડે છે. પણ એવા જન્મદિવસ તો બધા પ્રાણીઓના આવે છે. શરીર એ દેહનો જન્મ થવો એ તો સર્વ પ્રાણીઓને સાધારણ છે, પણ આત્માનો સમ્યક્ત્વ જન્મ થવો એ કરોડો-અબજોમાં કોકને છે. અસાધારણ છે એ, એ કેટલો અસાધારણ છે કે કરોડો-અબજોમાં... અબજો મનુષ્યો છે, અત્યારે ૪ અબજ જેટલી વસતી છે વિશ્વની. કોક છે એની અંદર. એની અસાધારણતા છે. એ તો સંખ્યાએ અસાધારણ થયો. પણ અહીંયાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની લબ્ધિ આવી એ પણ એક અસાધારણતા છે.

**(પૂજ્ય બહેનશ્રીની સમ્યક્જયંતિ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્ગાર શ્રી 'પરમાગમસાર' પ્રવચન નં-૭૮માંથી)**

પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની

## નિજાનંદવેદન સંબંધી નોંધ




### આનંદનો દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
સાંજે ૩.૩૦ લગભગ

ફાગણ વદ દશમને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદ સાગર ઊછળી રહાયા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્‌ભુત છે.

પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી

## સ્વાનુભૂતિ સંબંધી પૂ. બહેનશ્રીની નોંધ

### ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
(ચૈત્ર માસે લખાયેલું)

સ્વસ્વરૂપનું લક્ષ આવતાં, ફાગણ વદ દશમને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં. તેમાં એકાગ્ર થતાં, તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઈ, ચૈતન્યભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્‌ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઈ અપાર છે! ચૈતન્યદેવ આનંદ તરંગોમાં ડોલતા હતા.


અહા! અનંતકાળથી છુપાયેલા આત્મભગવાન પ્રગટ થયા; તેનો છુપાયેલો એવો અનુપમ અમૃતસ્વાદ વેદાયો, અનુભવાયો.

હે શ્રી સદ્‌ગુરુદેવ! તે આપનો જ પ્રતાપ છે.


અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવનો જ પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

**પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી સમાધિદિનના ઉપલક્ષમાં... (ચૈત્ર સુદ પાંચમ-૨૮-૦૪-૨૪)**




આજે શ્રીમદ્ રાજચંદ્રજીનો સ્વર્ગારોહણ દિન છે. ૧૯૫૭ ચૈત્ર વદ પાંચમ. મનુષ્ય પર્યાયનો ત્યાગ કરીને દેવ પર્યાય ધારણ કરી. દસ વર્ષના સાધક જીવનમાં અનંત ભવભ્રમણ ટાળીને માત્ર એક ભવ પૂરતો સમય જેનો બાકી રહ્યો છે, આવતા ભવમાં મનુષ્ય થઈને ચરમશરીરી અવસ્થામાં નિર્વાણદશાને પ્રાપ્ત થશે. એમનો જે સ્વરૂપ પ્રતિ પુરુષાર્થ છે, જે અંતરંગ જ્ઞાનદશા છે તે ઘણી અદ્ભુત છે. અને બહુ સૂક્ષ્મતાથી એનો સ્વાધ્યાય કરતા તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થાય એવો વિષય છે. ભલે એ પર્યાયનો વિષય છે તોપણ જે પર્યાયમાં સ્વભાવ પ્રગટ થાય છે અથવા જે પર્યાય વ્યક્ત સ્વભાવ આકારે પ્રગટ હોય છે, એ પર્યાય પણ સ્વભાવદષ્ટિનું નિમિત્ત થાય છે. બીજાને એ સ્વભાવદષ્ટિનું નિમિત્ત બને છે. એ દષ્ટિથી એમનું અંતરંગ જીવન છે એનું અવલોકન કરવા યોગ્ય છે. એ એમનું તો પર્યાપ્ત કાર્ય કરી ગયા, પણ બીજા અનેક જીવો માટે જે શબ્દદેહ છોડતા ગયા, અક્ષરદેહ છોડતા ગયા... પેલો દેહ(શરીર) તો પંચમહાભૂતમાં મળી ગયો, (પણ) અક્ષરદેહ મૂકતા ગયા છે. એ અક્ષરદેહ સેંકડો હજારો વર્ષ રહેશે. વર્તમાનમાં જે પ્રિન્ટિંગ સુવિધા છે, છાપકામની સુવિધા છે એ જોતાં હજારો વર્ષ સુધી એની.... કેમકે પુસ્તક તો ન ટકી શકે, એકનું એક પુસ્તક તો ન ટકી શકે. ઉત્તરોઉત્તર એની જે નકલ થતી જાય, એ હિસાબે એ અક્ષરદેહ વિદ્યમાન રહેશે. કંઈક ભવ્ય આત્માઓ, અનેક ભવ્ય આત્માઓ પોતાનું હિત સાધશે. જેની પાત્રતા હશે, જેની ભવિતવ્યતાનો પરિપાક સમીપ હશે - નજીક હશે એવા જીવો કામ કરી જશે. અને એને મૂળમાર્ગ મળવામાં એ નિમિત્તભૂત થશે. એમના પત્રોનો, એમના વચનોનો, એમના વચનામૃતોનો સ્વાધ્યાય કરવો એ પણ એમના પ્રત્યેનું બહુમાન છે, એમના પ્રત્યેની ભક્તિ છે. આત્મહિતાર્થે એ વચનામૃતોને અંગીકાર કરવા એ પરમ ભક્તિ છે એમના પ્રત્યે.




**(કૃપાળુદેવના સમાધિદિને નીકળેલા પૂ. ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્ગાર...)**

**(શ્રીમદ્ રાજચંદ્ર પ્રવચન નં-૧૪૭ માંથી)**

## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન



**પત્રાંક - ૯૫૧**

રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭

**'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.'**

પરમ કૃપાળુદેવની સમ્યક્‌પુરુષાર્થ સહિતની પ્રથમથી જ એવી ભાવના હતી કે પરિભ્રમણનો પ્રવાસ ત્વરાથી(આ ભવમાં જ) પૂરો કરવો, અને તદ્‌નુસાર તેઓશ્રીએ પુરુષાર્થ ઉપાડ્યો હતો, ત્યાં વચ્ચે શરીર રોગરૂપી સહરાનું રણ આવ્યું.

પૂર્વ સંચિત કર્મનો બોજો કરજરૂપે પોતાના માથે ઘણો હતો, તે આત્મિકપુરુષાર્થ વડે અલ્પ કાળમાં ભોગવી લેવાય, તેવા અપ્રતિહત પુરુષાર્થની યોજના પણ કરી, અને સ્વરૂપમાં જ્યાં પુરુષાર્થની દોડ લગાવી ત્યાં પગે (શરીરધર્મે) નિકાચિત એટલે કે જેમાં કોઈ ફેરફાર ન થાય તેવો ઉદયમાન વિઘ્નરૂપી થાક ગ્રહણ કર્યો.


વર્તમાન પંચમ કાળમાં પુરુષાર્થની પૂર્ણતા પ્રગટ થઈ પરમાત્મપદની પ્રાપ્તિ અને નિર્વાણપદ પ્રાપ્ત થાય તેવી યોગ્યતાવાળા આત્માઓ આ ક્ષેત્રે, આ કાળમાં જન્મતા નથી (આ કાળમાં નિર્વાણપદને પ્રાપ્ત કરનારાઓ મહાવિદેહ ક્ષેત્રે જન્મે છે) આવું વસ્તુસ્વરૂપ છે. – તે કેવળજ્ઞાન દ્વારા પરમાગમોમાં પ્રસિદ્ધ થયેલું છે. તેમાં કાંઈ અન્યથા થતું નથી, એવું જે કેવળજ્ઞાનનું આશ્ચર્યકારક સ્વરૂપ, તેની પ્રતીત થઈ છે, અને આત્મામાં તો શરીરરોગથી બાધા ન પામે તેવી અવ્યાબાધ સ્થિરતા વર્તે છે.

તેઓશ્રીએ પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે ઉગ્ર પુરુષાર્થ ઉપાડ્યો હતો, છતાં એક ભવ બાકી હતો તેવી સ્થિતિ છેવટ રહી ગઈ. એ જ નિયતિનું અદ્‌ભુત આશ્ચર્ય છે. સાથોસાથ સમ્યક્ સમાધાન પૂર્વક પરિણમનમાં અવ્યાબાધ સ્થિરતા છે.

શરીર પ્રકૃતિના ઉદય અનુસાર અશાતા વેદાય છે, તો પણ તેઓએ શાંતભાવે વેદી છે. અશાતાનું વેદન ગૌણ રહ્યું છે. જેથી ભાવી અશાતા બંધનું નિમિત્ત થયું નથી, પણ પૂર્વ અશાતાકર્મની નિર્જરા થઈ છે. જેથી ભવિષ્યમાં અનંત અનંત સમાધિસુખની, અનંત દર્શન અને અનંત જ્ઞાન સહિત, સ્થિતિને પ્રાપ્ત થશે.

**સત્પુરુષોનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો!!**

(**'ધન્ય આરાધના'માંથી સાભાર ઉદ્ધૃત**)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'મૃત્યુ પહેલા તૈયાર રહો' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

મૃત્યુ સમયે જીવને પોતાની રુચિનો વિષય જ મુખ્ય થઈ જાય છે. બીજી બધી ચીજથી રુચિ હઠીને જેની રુચિ હતી તે જ એક ચીજની મુખ્યતા થઈ જાય છે. - એ રીતે, જેને આત્માની રુચિ છે, તેને મૃત્યુ સમયે પોતાનો આત્મા જ મુખ્ય થઈ જાય છે; તે વખતે તો બધું સમેટી લેવું છે. (આ વાત ઉપર કોઈ જિજ્ઞાસુએ 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના દેહાંત વખતે કહેલા શબ્દોઃ 'હું સ્વરૂપમાં લીન થાઉં છું' કહ્યા સાંભળીને 'સોગાનીજી'એ આગળ કહ્યું કે 'એમ જ થાય છે'.) બીજાને કહે કે 'મને સંભળાવો' તો તેની યોગ્યતા પણ તે જ પ્રકારની છે, ત્યારે જ તેવો વિકલ્પ આવે છે. (૩૦૦)

*

મૃત્યુ સમયે (કોઈ) 'મને સંભળાવો' એવો ભાવ જ્યારે ઉઠે છે ત્યારે તો સ્વયંની તૈયારી નથી. (જેને) અંદરમાં (સ્વરૂપનું ઘોલન) ચાલી રહ્યું હોય તેને બીજો સંભળાવે એવો વિકલ્પ જ ઉઠતો નથી, તેને તો તે સમયે અધિક બળ હોય તો નિર્વિકલ્પતા આવી જાય છે. કદાચિત નિર્વિકલ્પતા ન આવે તો સ્વની અધિકતા તો છૂટતી જ નથી. (૩૧૭)

*

હરક્ષણે મૃત્યુ માટે તો તૈયાર જ રહેવું. ક્યારેય પણ થાય અને ગમે તેવી વેદના પણ થાય, સાતમી નરક જેવી વેદના થાય તોપણ શું ? (મૃત્યુ તથા મૃત્યુની વેદના - બન્નેથી 'હું અધિક છું' એવું હું મારા સ્વસંવેદનથી અનુભવ કરું છું.) (૪૬૧)

*

મૃત્યુ ક્યારે આવવાનું છે, તે તો નક્કી (જાણવામાં) નથી, પરંતુ આવવાનું છે તે તો નક્કી જ છે; તેથી હરક્ષણે તૈયાર જ રહેવું. શરીરના ટુકડા-ટુકડા થઈ જાય; રોમ-રોમ પર ધગધગતી સોય ભોંકાય... તોપણ, 'મારા ધ્રુવતત્ત્વમાં' તેનો પ્રવેશ જ ક્યાં છે ? (૪૭૪)

*

પહેલેથી શરીરથી ભિન્નતાનો (પ્રયોગાત્મક) અભ્યાસ જેણે કર્યો છે, તે જ મરણ સમયે (પુરુષાર્થમાં) ટકી શકશે. કારણકે જેની જે રુચિ હોય છે તે જ મરણ સમયે મુખ્ય થઈ જાય છે. અતઃ તેથી પહેલેથી જેણે ભિન્નતાનો અભ્યાસ કર્યો છે, તે જ ટકી શકશે.

ઉત્કૃષ્ટ પાત્ર હોય જેની એકાદ ભવમાં મુક્તિ થવાની છે, તે જ (મરણ-સમય) નિર્વિકલ્પ સમાધિ રાખી શકે છે. તેનાથી નીચે (ઓછી યોગ્યતા) વાળાને વિકલ્પપૂર્વક (આત્મ-લક્ષ્ય સહિત) તે જ તત્ત્વની દૃઢતાનું ચિંતન ચાલે છે. તેનાથી નીચેવાળાને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ આવે છે. સાધકને તો આકરી (તીવ્ર) વેદના આદિ હોય, કાંઈપણ ન ચાલે, તોપણ ધ્રુવતત્ત્વની અધિકતા તો છૂટે જ નહિ. (૪૭૫)


*

# શ્રી મહાવીરભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રી સંપ્રદાય પરિવર્તન દિન (ચૈત્ર સુદ તેરસ-૨૧-૦૪-૨૪)



(મહાવીર ભગવાન) જન્મકલ્યાણક દિન છે. આ દિવસે જ આપણા અનંત ઉપકારી ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન કર્યું હતું. જ્યારથી સમયસાર હાથમાં આવ્યું ત્યારથી અંતરંગ પરિવર્તન તો થઈ ચુક્યું હતું. અભ્યંતર પરિણામને બાહ્યક્રિયામાં આવતા થોડો સમય લાગે છે.....૧૯૯૧ ચૈત્ર સુદ તેરસ, ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન કર્યું. દિગંબર આમ્નાયનો સ્વીકાર કર્યો. એ પહેલા લગભગ પ્રયોજનભૂત અધ્યયન તો થઈ ચુક્યું હતું. એટલા માટે એ પહેલા જરૂરી છે કે બીજું કાંઈ જાણતા નહોતા અને એમનેમ સમયસાર વાંચ્યું અને એને એમ સ્વીકારી લીધું એક પક્ષે એમ નહોતું. શ્રી ભગવાન મહાવીરસ્વામીનું શાસન અત્યારે વર્તે છે એ શાસનમાં અત્યારે આપણે વર્તમાનમાં એમનાથી પ્રરૂપિત ઉપદેશની પરંપરાનો લાભ લેતા હોવાથી આપણા ઉપર પણ એમનો ઉપકાર વર્તે છે. ભલે તેઓ પ્રત્યક્ષ નથી, અત્યારે તો સિદ્ધાલયમાં બિરાજમાન છે તોપણ તેમની દેશના આચાર્યોની પરંપરા મારફત જે ચાલી રહી છે (અને) ગુરુદેવ પર્યંત આપણને મળી તેથી ભગવાનનો આપણા ઉપર ઉપકાર છે. અને આ દિવસ એ ઉપકારની સ્મૃતિનો દિવસ છે. તેમણે જે માર્ગ નિરૂપ્યો અને જે આત્મસ્વરૂપને એમણે બતાવ્યું અને એમણે જે શુદ્ધતા પ્રસિદ્ધ કરી એ સર્વ મંગળ છે, મહિમા કરવા યોગ્ય છે. તેથી હૃદયમાં તેમની મહિમાનું અને તેમના ઉપકારનું આજના દિવસે સ્મરણ કરવું જોઈએ. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન આટલું ન કર્યું હોત તો કદાચ આટલા જીવોને આ અલૌકિક વિષય પ્રત્યે ધ્યાન ખેંચાયુ ન હોત, આટલું સાહિત્ય પ્રસિદ્ધ ન હોત, આટલા મંદિરો થયા ન હોત અથવા તો જેમ કુંદકુંદાચાર્ય વિષે ત્યારપછી થનાર મુનિઓએ એમ લખ્યું-એમ કહ્યું એવો શિલાલેખ છે કે જો કુંદકુંદાચાર્યે મહાવિદેહમાં જઈને આ ઉપદેશ આવીને પછી ન કર્યો હોત તો અમારી - મુનિઓની શું દશા થાત? એ જ પ્રકારે જો ગુરુદેવનો આવો ઉપદેશ જો પ્રસિદ્ધ ન થયો હોત, બીજા જ્ઞાનીઓની જેમ કદાચ એ ગુપ્ત રહી ગયા હોત તો કદાચ આપણી શું

(અનુસંધાન પાના નં ૧૩ પર... )



*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*



... દર્શનીય સ્થળ ...

## શશીપ્રભુ સમાધિ મંદિર

# "જ્ઞાનમાત્ર"

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org